ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ચ-માર્ગ પર મતદાર જાગૃતિ અંતર્ગત માનવ સાંકળ





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના મતદાતાઓ પોતાના મતનું મહત્વ સમજે અને જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તેવા ઉમદા આશયથી આજરોજ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત મતદાન જાગૃતિ માટેના માનવ સાંકળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ યોજાયેલ આ કાર્યક્રમ ગાંધીનગર ખાતેના નવા સચિવાલયના ગેટ-૭થી માનવ સાંકળ સવારના ૯.૩૦ કલાકથી બે કલાક જેટલા સમય માટે રચવામાં આવી હતી. નગરજનોને રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અનિતા કરવલે મતદાન કરવાની -તિજ્ઞા પણ લેવડાવી હતી.

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૩૦/૦૪/૨૦૧૪ ના રોજ યોજાનાર છે. સમગ્ર જિલ્લામાં યુવાન સહિતના તમામ મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ લાવવાના ઉમદા આશયથી સિસ્ટેમેટિક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટ્રોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અભિયાન અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જે અંતર્ગત ગાંધીનગરની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ અને નગરજનોમાં દ્વારા મતદાન અંગેની જાગૃતિ લાવવાના આશયથી

● અનુસંધાન પાન-૭ પર

# નાના ચિલોડા પાસે માર્ગ અકસ્માત : એકનું મોત

## ગાંધીનગર આસપાસ અકસ્માતોની વણઝાર : નાના ચિલોડા પાસે બસ અને ટ્રક અથડાતા આઠને ઈજા : ભાઈજીપુરા પાસે બેફામ જતી કારે ૩ બાઈકને અડફેટે લીધા : ઘ-માર્ગ પર સડસડાટ નીકળેલા કાર ચાલકે એક્ટીવાને ટક્કર મારી

ગાંધીનગર-તા-૧૭

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં આજે અકસ્માતોની વણઝાર થઈ ગઈ હતી.નાના-મોટા ઘણા અકસ્માતો થયા હતા જેમાં નાના ચિલોડા પાસે બસ અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માત માં બસ માં સવાર ૮ મુસાફરો ઘવાયા હતા.આ અકસ્માતમાં ટ્રક ચાલકનું મોડી સાંજે સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયું હતું.જયારે ભાઈજીપુરા પાસે એક કાર ચાલકે ૩ બાઈક ને અડફેટે લઈ લેતા ૪ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા.તે ઉપરાંત ઘ-માર્ગ પર સડસડાટ જતા કાર ચાલકે સે.૬/૭ બસ સ્ટેન્ડ પાસે એકટીવાને ટક્કર મારતા એક મહિલા ઘાયલ થતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

અમદાવાદ-હિંમતનગર હાઈવે પર નાના ચિલોડા નજીક શિવા હોટલ સામે રાજસ્થાન પરિવહન ની બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો તેમાં બસ માં સવાર મુસાફરો પૈકી ૮ જેટલા મુસાફરો ઘાયલ થતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.અકસ્માત માં ઘાયલ ટ્રક ડ્રાયવર ૫૦ વર્ષીય નટુભાઈ યાકુબભાઈ ક્રિશ્ચિયન ના અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયું હતું.ડભોડા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.તે ઉપરાંત કોબા હાઈવે પર ભાઈજીપુરા પાસે બેફામ જતા કાર ચાલકે ૩-૩ બાઈક ને અડફેટ મારતા ૪ જણા ને ઈજાઓ પહોચી હતી.ચારેયને સારવાર માટે હોસ્પીટલ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લઈ જવામાં આવ્યા હતા.ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પરથી ધસમસતી આવતી કારે સે.૬/૭ બસ સ્ટેન્ડ સામે ક્રોસ રોડ પાસે એક એકટીવા ચાલક મહિલા ને ટક્કર મારતા મહિલાને માથા ના ભાગે ઈજાઓ થવા પાણી હતી. તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જઈ તેમની સારવાર શરુ કરાવવામાં આવી હતી.

# રાજ્યમાં ૧૮-૧૯ વર્ષની વય જૂથના ૧૧૬૭૯૯૪ મતદારો

## રાજ્યમાં ૧૦૦ વર્ષથી વધુ વયના ૮૧૪૩ અને ૮૦ વર્ષથી વધુ વયના રાજ્યમાં ૫,૦૭,૦૪૫ મતદારો

ગાંધીનગર, તા.૧૭

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, મતદાર યાદી અંતિમ થયા બાદ હવે ગુજરાતમાં કુલ મતદારોની સંખ્યા ૪,૦૫,૭૮,૫૭૭ છે, જે પૈકી પુરૂષ મતદારોની સંખ્યા ૨,૧૨,૧૦,૨૯૧ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૧,૯૩,૬૮,૦૦૧ છે તથા અન્ય મતદારોની સંખ્યા ૨૮૫ છે.

ગુજરાતમાં ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના ૮૧૪૩ મતદારો છે જે પૈકી સૌથી વધુ સુરત જિલ્લામાં ૧૨૩૯ મતદારો છે, જ્યારે સૌથી ઓછા ડાંગ જિલ્લામાં પાંચ મતદારો છે, ૧૦૦થી વધુ વયજૂથ ધરાવતાં મતદારો અંગે જિલ્લાવાર માહિતી આપતાં યાદીમાં વધુમાં જણાવાયું છે કે, કચ્છમાં ૨૭૫, બનાસકાંઠામાં ૨૨૯, પાટણ ૧૦૧, મહેસાણા ૨૦૦, સાબરકાંઠા ૧૪૫, અરવલ્લી ૨૨૨, દેવભૂમિ દ્વારકા ૧૧૯, પોરબંદર ૧૦૨, જૂનાગઢ ૨૪૩, ગીર સોમનાથ ૨૧૯, અમરેલી ૩૭૪, ભાવનગર ૬૬૨, બોટાદ ૧૮૪, આણંદ ૨૫૧, ખેડા ૨૦૦, મહિસાગર ૧૨૨, પંચમહાલ ૨૧૩, દાહોદ ૧૯૩, વડોદરા ૩૨૭, છોટાઉદેપુર ૧૧૩,

● અનુસંધાન પાન-૭ પર

# સે.૧૭ હેલીપેડ પાસે ઝાડીઓમાં અનાથ યુવતી પર પાશવી બળાત્કાર

## અર્ધબેભાન હાલતમાં મળી આવેલી ૨૦ વર્ષીય યુવતી સિવિલ હોસ્પિટલમાં દાખલ : યુવતી હજુ પણ માનસિક રીતે અસ્વસ્થ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સે.૧૭ હેલીપેડ પાસે ઝાડીઓમાં લઇ જઈને કોઈ અજાણ્યા યુવાન શખ્શે ૨૦ વર્ષીય અનાથ યુવતી પર બળાત્કાર ગુજાર્યાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે.ઝાડીઓમાંથી અર્ધબેભાન હાલતમાં મળી આવેલી યુવતી અંગે વનવિભાગના કર્મીએ પોલીસ ને જાણ કરતા સે.૨૧ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.યુવતીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરી ટ્રીટમેન્ટ સાથે મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું છે.હજું પણ બળાત્કારનો ભોગ બનનાર યુવતી માનસિક રીતે અસ્વસ્થ હોવાથી બોલી શક્તિ ન હોવાનું તપાસનીશ પોલીસ અધિકારીએ જણાવ્યું છે.સે.૨૧ પોલીસ મથક ના સબ ઈન્સ્પેક્ટર સરકાર પક્ષે ફરિયાદી બન્યા છે.પી.આઈ ભરતસિંહ ચાવડા એ સમગ્ર મામલા ની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

શહેરના સે.૧૭ હેલીપેડ પાસેની ઝાડીઓમાં ૨૦ વર્ષની યુવતીને લઇ જઈને કોઈ શખ્સે બળાત્કાર ગુજાર્યો હતો અને યુવતી અર્ધબેભાન હાલતમાં ઝાડીઓમાં પડી હતી.વનવિભાગના કર્મચારીનું ધ્યાન જતા તેણે પોલીસ કંટ્રોલ માં જાણ કરતા સે,૨૧ પોલીસ સ્થળ પર દોડી આવી હતી.પોલીસ ને કઈ પણ સવાલ ના જવાબ આપે તેવી સ્થિતિ માં તે યુવતી ન હતી.તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તેને દાખલ કરી મેડીકલ ચેકઅપ કરાવવામાં આવ્યો હતો.હજુ પણ તે યુવતી માનસિક રીતે અસ્વસ્થ હાલત માં હોવાથી જવાબ આપી શકતી નથી.સે.૨૧ પી.આઈ ભરતસિંહ ચાવડા એ અજાણ્યા યુવાન સામે બળાત્કારનો ગુનો દાખલ કરીને ડી તપાસ શરુ કરી છે.-નથમિક તપાસ માં જાણવા મળ્યું છે કે શહેરમાં રહેતુ એક પરિવાર ૧૬ જાન્યુઆરી એ તે યુવતી ને અમદાવાદના એક અનાથ આશ્રમ માંથી દીકરા સાથે લગ્ન કરાવવા દત્તક કરીને લાવ્યા હતા.ઘરમેળે લગ્ન પણ કરવી લીધા હતા.જો કે લગ્ન નોંધણી બાકી છે.ગઈ કાલે તે પરિવારના માતા-પુત્ર એટલે કે યુવતીના સાસુ અને પતિ બંને બહારગામ ગયા હતા ને યુવતી ઘરે એકલી હતી.ઘરે થી તે હેલીપેડ ઝાડીઓ સુધી કેવી રીતે પહોચી અને કોણ તેણે ત્યાં લઈ ગયું તે તેઓ જણતા નથી.પોલીસે હાલ અજાણ્યા યુવાન શખ્સ સામે બળાત્કારનો ગુનો દાખલ કરી તપાસ તેજ બનાવી છે.





મતદાર જાગૃતિ - મતદાર જાગૃતિ અર્થે કેન્દ્ર સરકારના ડી.એ.વી.પી. દ્વારા યોજાયેલ પ્રદર્શનનું ઉદ્દઘાટન ગુરૂવારે સવારે લોકસભા ચૂંટણીના નિરીક્ષક પવનકુમાર ખેતાનના હસ્તે થયું હતું. પ્રદર્શનમાં રસપ્રદ અને માહિતીપ્રદ ચિત્રો અને વિગતો છે. જે મતદારને મતદાન માટે વધુ પ્રેરિત કરશે.

(તસવીર : દિપક જાની)

# ગાંધીનગરના જયદીપ ત્રિવેદીને કેનેડામાં બે એવોર્ડથી નવાજ્યા

## મોહક કોલેજ શૈક્ષણિક ક્ષેત્રે અદ્‌ભૂત સિદ્ધિ અને યોગદાન બદલ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ વોલ્યન્ટર સ્કોલરશીપ એનાયત કરી

ગાંધીનગર, તા. ૧૭

સે. ૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ સરકારી શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રાજેશ ત્રિવેદીના પુત્ર જયદીપને કેનેડાની મોહક કોલેજે બે એવોર્ડ એનાયત કર્યા છે. શૈક્ષણિક ક્ષેત્રે જબરદસ્ત સિદ્ધિ મેળવવા બદલ ધ ગાર્ડ મી એવોર્ડ તેમજ કોલેજ કક્ષાએથી પણ તેમને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ



વોલ્યન્ટર એવોર્ડથી જયદીપાનો નવાઝવામાં આવતા ગાંધીનગરના શૈક્ષણિક આલમે પણ ગૌરવની લાગણી વ્યક્ત કરી છે.

ગાંધીનગરના જયદીપ ત્રિવેદીએ કેનેડા ખાતે મોહક કોલેજમાં પી.જી. ઈન બાયો ટેકનોલોજી હેલ્થમાં અભ્યાસ કરી કલીનીકલ ટીચર્સમાં અભ્યાસ કર્યો છે. કેનેડાની મોહક કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં જયદીપને વિવિધ બે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં તાજેતરમાં જ કોલેજ દ્વારા તેમને શૈક્ષણિક ક્ષેત્રે અદ્‌ભૂત સિદ્ધિ મેળવવા બદલ ધી ગાર્ડ મી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોલેજક્ષેત્રે મહત્વ યોગદાન આપવા બદલ જયદીપ ત્રિવેદીને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ વોલ્યટર એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા છે. જયદીપને આ બદલ ૨ હજાર ડોલર સ્કોલરશીપ ચુકવવામાં આવી છે. ગાંધીનગરના જયદીપ ત્રિવેદીને કેનેડાની કોલેજે બે મહત્વના એવોર્ડથી સન્માનિત કરતા નગરના શિક્ષણ વર્તુળોમાં પણ ગૌરવની લાગણી વ્યાપી છે. જયદીપના પિતા રાજેશભાઈ સે. ૧૨ સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે. તેમના ભાઈ ડૉ. મંથન અને ભાભી ડૉ. મોનિકા તેમજ માતા હર્ષાબેને પણ ગૌરવની લાગણી વ્યક્ત કરી છે. જયદીપના માતા હર્ષાબેન પણ અગાઉ શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા.

# કોંગ્રેસે દેશની પ્રજાને કાંઈ આપ્યું નથી : આર.સી. ફળદુ

## દેશની સીમાઓ પર સૈનિકના માથા વઢાય છે : ગુજરાત વિકાસનું મોડેલ : અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા અપીલ





ગાંધીનગર, તા.૧૭

દેશની સીમાઓની સુરક્ષા યોગ્ય રીતે ન થતા દુશ્મનો આપણા સૈનિકોના માથા વાઢી જાય છે. આમ છતાં કેન્દ્ર સરકારનું લોહી ગરમ થતું નથી ત્યારે નબળી સરકારને તાત્કાલિક હટાવવાનો સમય પાકી ગયો હોવાનું પ્રદેશ ભાજપના અધ્યક્ષ આર.સી. ફળદુએ આજે ભાજપના કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું. તેમણે તેમ પણ ઉમેર્યું હતું કે કોંગ્રેસે દેશની પ્રજાને કાંઈ આપ્યું નથી. દેશમાં ગુજરાત જેવો વિકાસ અનિવાર્ય છે. તેમણે અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા અપીલ કરી હતી.

ગાંધીનગરમાં સે-૧૧ ખાતે આજે સભા દરમિયાન ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ આર.સી. ફળદુએ કોંગ્રેસ પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઈન્દિરા ગાંધીએ ૧૮ મહીના સુધી જુલમ કર્યો હતો. તેમણે ખુરશી સલામત રાખવા કટોકટી લાદી હતી. દેશમાં તે વખતે આંતરિક વ્યવસ્થા અને સુરક્ષા મજબૂત હતી છતાં આગળ પડતા નેતાઓને જેલ ભેગા કર્યા હતા. લોકશાહીનો સ્તંભ હલતા પ્રજામાં રોષ ભભૂકયો હતો. ઈન્દીરાનો પરાજય થયો હતો. આજે પણ આવી જ સ્થિતિએ સરકારનું પતન નિશ્ચિત છે. અંગ્રેજો ગયા પછી દાયકાઓના અંતે પણ દેશની પ્રજાને કોંગ્રેસે કંઈ સગવડતા આપી નથી. પ્રજાની સંવેદના કોઈ સમજયું નથી. કોંગ્રેસ પાસે પાવર હોવા છતાં દેશની જનતાને કાંઈ આપ્યું નથી. દેશને હવે ગુજરાત જેવ વિકાસની અનિવાર્યતા છે. નરેન્દ્ર મોદીથી સમગ્ર દેશ મોહીત છે. નરેન્દ્ર મોદીની સરકાર બનશે ત્યારે અડવાણીજી જેવા સિનિયર નેતાની હૂંફ મળી રહે તે માટે તેમને જંગી બહુમતીથી જીતાડવા તેમણે અપીલ કરી હતી. તેમણે કાર્યકરોને પ્રચાર ઝુંબેશ તેજ બનાવવા પણ હાકલ કરી હતી. પ્રદેશ ભાજપના અધ્યક્ષની સભા દરમિયાન ભાજપના અગ્રણી નેતા વાડીભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, શહેર ભાજપના પ્રમુખ નીતિન પટેલ સહીતના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# અપક્ષ ઉમેદવાર મંજૂરી વગરના વાહનમાં પ્રચાર કરતા પકડાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં મંજૂરી વગરના વાહનમાં અપક્ષ ઉમેદવાર દ્વારા કરાતા પ્રચારને લઈ ફલાઈંગ સ્કવોડે વાહન ચાલક સામે તેમજ ઉમેદવારની સામે કાયદેસરની કાર્યવાહી કરવા ચૂંટણી અધિકારીને જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે અપક્ષ મહિલા ઉમેદવાર અને તેમના સમર્થકો મંજૂરી વગરના વાહનમાં પ્રચાર કરી રહ્યાની વિગતો ફલાઈંગ સ્કવોડને મળતાં વાહનચાલક અને ઉમેદવારને આ અંગે જરૂરી પુછપરછ કરી હતી.

ઉમેદવાર દર્શનાબેને અધિકારીઓને જણાવ્યું હતું કે તેમણે મંજૂરી માટે અરજી કરે ૩ દિવસ થયા પણ તેમને હજુ મંજૂરી મળી નથી અને પોતાને મોટો વિસ્તાર કવર કરવાનો હોવાથી તેઓએ પ્રચાર અભિયાન આરંભી દીધુ છે.

આમ તો ઉમેદવારે પ્રચાર માટે વાહનની મંજૂરી લેવી જરૂરી છે. ટીમે આ બાબતે તાત્કાલિક ચૂંટણી અધિકારીશ્રીનું ધ્યાન દોરી જરૂરી કાર્યવાહી માટે જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

આ મહિલા ઉમેદવાર ગઈકાલે હિસાબો રજુ કરવા માટે હાજર રહ્યા ન હતા તેથી પંચે તેમને નોટીસ આપી છે તે ઉલ્લેખનીય છે. આજે આ મહિલા ઉમેદવાર કલેક્ટર કચેરી ખાતે પણ આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

# રોટરી ક્લબના ‘શક્તિ-૨૦૧૪’ અંતર્ગત રોજગારીની અનોખી તકો

ગાંધીનગર, તા. ૧૭

રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા મહિલા સશક્તિકરણના યોજાયેલા અનોખા કાર્યક્રમ “શક્તિ-૨૦૧૪” નિમિત્તે દ્વિ દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાસ કરીને મહિલાઓને સ્વરોજગારી માટેની વિશેષ તકો માટે પણ ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે અલગથી રજીસ્ટ્રેશન કરવાની કામગીરી હાલ ચાલી રહી છે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે ૧૯-૨૦ એપ્રિલના રોજ યોજાનાર આ વિશિષ્ટ સેમિનારમાં સ્વરોજગારી માટેની તાલિમ, વિકાસ અને તકોને લઈ વિશેષ વિગતો રજુ કરાશે. આ ઉપરાંત સફળ વ્યક્તીત્વ તેમજ ગૃહ ઉદ્યોગ થકી વિકાસની નવી કેડી પર પણ વિશેષ પ્રવચનનું આયોજન કરાયું છે.

લોહાણા ઉઠમણું



મારા સુપુત્ર કેયુર ધીરજલાલ સંઘાણી તા.૧૪-૦૪-૨૦૧૪ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્‌ગતનું ઉઠમણું તા.૧૮-૦૪-૨૦૧૪ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે

સ્થળ :-પ્લોટ નં. ૧૭૧૨/૧, સેક્ટર - ૨/ડી, ગાંધીનગર

ધીરજલાલ પોપટલાલ સંઘાણી | જ્યોતિબેન ધીરજલાલ સંઘાણી
સંજય ધીરજલાલ સંઘાણી | પૂર્વી સંજયભાઈ સંઘાણી
ભાવેશ ધીરજલાલ સંઘાણી | શીતલ ભાવેશભાઈ સંઘાણી
ક્રિષ્ના ભાવેશભાઈ સંઘાણી | યશ્વી સંજયભાઈ સંઘાણી

પિયરપક્ષનું ઉઠમણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com